EDII

Divya Bhaskar

July 6, 2016
Page No. 1
on City Bhaskar

ઈન્ફોસિસના કો-ફાઉન્ડર એસ. ગોપાલક્રિષ્ણનના મતે

# સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે ગુજરાત ભારતમાં બેસ્ટ સ્ટેટ

## ઈડીઆઈઆઈમાં બિઝનેસ ઈન્ક્યુબેટર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, જે કૃષિ, હેલ્થ, ઉદ્યોગોને લગતાં સ્ટાર્ટઅપને મદદ કરશે



સિટી રિપોર્ટર @ahm_cb

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ) દ્વારા સ્ટાર્ટઅપ અને આંત્રપ્રિન્યોર્સને પ્લેટફોર્મ પુરૂ પાડવા માટે ઈડીઆઈઆઈ કેમ્પસ સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોન્ચિંગ એન્ટરપ્રાઈઝ (ક્રેડલ-) ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટરની સ્થાપના કરવામાં આવી છે. આ ઈન્ક્યુબેટરના ઈનોગ્રેશન પ્રસંગે ઈન્ફોસિસ કંપનીના કો-ફાઉન્ડર અને ક્રેડલના એડવાઈઝરી બોર્ડના ચેરમેન પદ્મભૂષણ એસ. ગોપાલાક્રિષ્ણએ કહ્યું કે, 'ભારતમાં જે રીતે સ્ટાર્ટઅપ ફ્રેન્ડલી વાતાવરણ ઉભું થયુ છે તે જોતાં બિઝનેસ થિંકિંગ ધરાવતા યંગ આત્રપ્રિન્યોર માટે આ ક્ષેત્રમાં ઉજ્જવળ તકો રહેલી છે. તેમાં પણ ગુજરાત આજે વિશ્વ માટે બિઝનેસ મોડલ બનીને સામે આવ્યુ છે ત્યારે ગુજરાત ઉદ્યોગસાહસિકતા માટે બેસ્ટ સ્ટેટ છે. જેનો લાભ યંગસ્ટર્સે લેવો જોઈએ. કોલેજમાં ભણવાની સાથે બિઝનેસ શરૂ કરવા માગતા સ્ટુડન્ટ્સને પણ આ સેન્ટર તાલીમ આપશે. ત્રણ વર્ષના તબક્કામાં 30 જેટલા સ્ટાર્ટઅપને મદદ કરાશે. જેમાં હેલ્થ, કૃષિ, ઉદ્યોગોને મદદ કરાશે.'